ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન,
હિંમતનગર, પાલનપુર, અને
પાટણ માટે મરામત/રિનોવેશન
બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અજાક/૧૭૨૦૨૧/૦૦૦૭/ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૨/૦૮/૨૦૨૨

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૧/૪૬૪૬-૪૭, તા.૨૧/૦૯/૨૦૨૧
(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૧/૪૭૭૬-૭૭, તા.૨૯/૦૯/૨૦૨૧
(૩) નિયામકશ્રી(અ.જા.ક.)નો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૧/૫૮૦૧-૦૨, તા.૧૬/૧૧/૨૦૨૧

આમુખ:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ભારતના બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં જિલ્લા મથકોએ આંબેડકર ભવનો બાંધવામાં આવે છે. નિયામકશ્રી(અજાક) દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૧)ના તા.૨૧/૦૯/૨૦૨૧ના પત્રથી ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, હિંમતનગર, જિ.સાબરકાંઠાના મકાન મરામત/રિનોવેશન માટે રૂ.૪૯,૯૯,૭૦૦/- ના ખર્ચની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨)ના તા.૨૯/૦૯/૨૦૨૧ના પત્રથી ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, પાલનપુર, જિ.બનાસકાંઠાના મકાન મરામત/રિનોવેશન માટે રૂ.૨૦,૦૦,૦૦૦/-ના ખર્ચની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૩)ના તા.૧૬/૧૧/૨૦૨૧ના પત્રથી ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, પાટણ, જિ.પાટણના મકાન મરામત/રિનોવેશન માટે રૂ.૧૦,૯૭,૧૦૦/- ના ખર્ચની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:

પુખ્ત વિચારણાને અંતે, ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, હિંમતનગર, જિ.સાબરકાંઠાના મકાન મરામત/રિનોવેશન માટે રૂ.૪૯,૯૯,૭૦૦/-; ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, પાલનપુર, જિ.બનાસકાંઠાના મકાન મરામત/રિનોવેશન માટે રૂ.૨૦,૦૦,૦૦૦/- તથા ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, પાટણ, જિ.પાટણના મકાન મરામત/રિનોવેશન માટે રૂ.૧૦,૯૭,૧૦૦/- ના ખર્ચની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૨.	SOR items માટે માર્ગ અને મકાન વિભાગનાં પ્રવર્તમાન SOR મુજબ તથા Non SOR items માટે GEM Portal પરથી પ્રવર્તમાન ખરીદ પધ્ધતિ અનુસરીને કામગીરી કરવાની રહેશે.

સદરહુ ખર્ચ માંગણી ક્રમાંક-૯૫ આયોજન; મુખ્ય સદર ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ; પેટા સદર ૦૧-અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ; ગૌણ સદર ૮૦૦- અન્ય ખર્ચ; પેટા સદર ૧૦; SCW-૨૦ ડૉ.આંબેડકર ભવનનો નિભાવ અને વિકાસ હેઠળ કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૦/૦૭/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(અજાક, સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર-સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૨